નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/વવહિઅ/બી.૫/ ૫૫૫ /૨૦૨૧
તા. ૦૮/૦૩/૨૦૨૧

**વિષય : માર્ચ–૨૦૨૧ માં નાણાંકીય વ્યવહાર માટેનું સમયપત્રક અંગે....**

# :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ પૂર્ણ થવાની તૈયારીમાં છે, ત્યારે આ છેલ્લા માસમાં નાણાંકીય વ્યવહારો સરળ રીતે ચાલી શકે અને છેલ્લા સમયે તકલીફ ન ઉભી થાય તે હેતુસર વિવિધ બીલો રજૂ કરવા નીચે મુજબનું સમય પત્રક તથા સૂચનો બહાર પાડવામાં આવે છે. તેમજ ચાલુ નાણાંકીય વર્ષના મજુર મસ્ટર, ફીકસ પગારબીલ પાસીંગની કામગીરી તા. ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ કચેરી કામકાજનાં સમય સુધી ચાલુ રાખવાની હોય તે મુજબ અગાઉથી આયોજન કરી સમયસર ખર્ચ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

| ક્રમ | બીલોની વિગત | બીલ રજુ કરવાની તારીખ |
|---|---|---|
| ૧ | મેડીકલ બીલો, એલ.ટી.સી, મુસાફરી ભથ્થાના બીલો, પુ. પગારબીલો | ૨૦/૦૩/૨૦૨૧ |
| ૨ | માહે માર્ચ–૨૦૨૧ ના પગારબીલો | ૨૦/૦૩/૨૦૨૧ |
| ૩ | પેએબલ ડી.સી.બીલો | ૨૪/૦૩/૨૦૨૧ |
| ૪ | બુક એડજસ્ટમેન્ટના બીલો | ૨૪/૦૩/૨૦૨૧ |
| ૫ | બાંધકામને લગતા બીલો | ૧૫/૦૩/૨૦૨૧ |
| ૬ | તમામ પ્રકારના એડવાન્સો સરભર કરવા તથા એબસ્ટ્રેક બીલથી ઉપાડેલ નાણાંનું એનપીડીસી બીલ | ૨૬/૦૩/૨૦૨૧ |

સૂચના :

૧. ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે બુકએડજસ્ટમેન્ટના બીલો રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી, જેથી નવો ખર્ચ કરતા પહેલા સૌ પ્રથમ બુકએડજસ્ટમેન્ટના બીલોને પ્રાધાન્ય આપવું

૨. એબસ્ટ્રેક બીલોથી ઉપાડેલ નાણાંમાંથી તા. ૩૧/૦૩/૨૦૨૧ પછીના દિવસોમાં કોઈ પણ સંજોગોમાં ખર્ચ કરવો નહિ. જો નાણાં વધે તો તા.૩૦/૦૩/૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટી ફંડમાં પરત જમા કરાવી દેવા.

૩. માહે માર્ચ–૨૦૨૧ માસના **<u>મજુર મસ્ટરનાં</u>** બીલોનાં ચુકવણા ચાલુ માસમાં કરવાના હોય તો તા. ૩૦/૦૩/૨૦૨૧ સુધીમાં તૈયાર કરી બીલો મોકલી આપવાના રહેશે.

૪. તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મંજુર થયેલ ગ્રાન્ટ કરતાં વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી. તેમજ ગ્રાન્ટ મેળવી લેવાની શરતે માઈનસ ગ્રાન્ટમાં જે બીલો અગાઉ રજુ કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં જરૂરી ગ્રાન્ટ તાત્કાલીક મેળવી લેવાની રહેશે, હવે પછી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માઈનસ ગ્રાન્ટમાં બીલો રજૂ કરવા નહિ.

૫. પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર/અધર એજન્સીમાં ખર્ચ કરવા માટે વખતો વખતની સૂચનાઓને ધ્યાને રાખી કરવાનો રહેશે.

૬. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કચેરીની કોઈપણ પ્રકારની આવક તા. ૩૦/૦૩/૨૦૨૧/ બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં એન.એ.યુ ફંડ/ એન.એ.યુ રિવોલ્વીંગ ફંડ ખાતે જમાં કરાવી તેના ચલણો તેજ દિવસે અત્રેની કચેરીમાં રજુ કરવાના રહેશે, જેથી ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આવક જે તે સદરે જમાં લઈ શકાય.

૭. પ્રિ.ઓડીટના ( ૧ લાખથી ઉપરના) બીલો તા. ૨૦/૦૩/૨૦૨૧ સુધી રજુ કરવા.

**ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

RRR

**વહીવટી–વ–હિસાબી અધિકારી**

**<u>નકલ સવિનય રવાના :–</u>**

(૧) યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ (તમામ) જાણ થવા સારુ.
(૨) હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
(૪) અત્રેની કચેરીના તમામ ટેબલો તરફ જાણ સારુ.

Scanned with CamScanner